# ગણિત

# (૨૧૧)

## શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

**કુલ ગુણ: ૨૦**

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.
(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) બે સંખ્યાઓનો સરવાળો ૫૧ છે. જો તેમાંની એક સંખ્યા બીજી સંખ્યા કરતાં ૧૧ વધુ છે તો બંને સંખ્યાઓનો ગુણાકાર શોધો.

(પાઠ–૫ જુઓ)


(બ) કોઈ સમાંતર શ્રેણીના ત્રણ ક્રમિક પદોનો સરવાળો ૪૨ છે. તથા ગુણાકાર ૨૫૨૦ છે. સમાંતર શ્રેણીના આ પદો શોધો.

(પાઠ–૭ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આપો. (ગુણ: ૨)


(અ) આપેલી આકૃતિમાં વર્તુળની ત્રિજ્યા ૫ સે.મી. છે. જીવાઓ AB અને CD સમાંતર છે તથા તેમની વચ્ચેનું અંતર ૭ સે.મી. છે. જો CD=6 સે.મી. હોય તો AB શોધો.

(પાઠ–૧૫ જુઓ)




(બ) આપેલી આકૃતિમાં BC=4 સે.મી., CD=3 સે.મી., CE=2 સે.મી. અને AC=6 સે.મી. છે. જો AB=3.2 સે.મી. હોય તો DE શોધો.

(પાઠ–૧૪ જુઓ)




૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આપો. (ગુણ: ૨)

(અ) જો $\cot\emptyset = {}^{7}/_{24}$ હોય તો.

$\frac{\sin\theta.\sin\theta}{1+\cos\emptyset.\tan\emptyset}$ નું મૂલ્ય શોધો.

(પાઠ–૨૨ જુઓ)

(બ) આપેલ આકૃતિમાં ∠BPC નું મૂલ્ય શોધો.




(પાઠ–૧૬ જુઓ)

૪. નીચે દર્શાવેલામાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) રાજેશે એક જથ્થાબંધ વ્યાપારી પાસેથી એક ઇલેક્ટ્રોનિક ઉપકરણ રૂા.૨૫૦૦/– માં ખરીદ્યું. વ્યાપારીએ તેના પાર ૨૦% ડિસ્કાઉન્ટ આપ્યું. રાજેશ આ ઉપકરણ રૂા.૨૩૦૦/– માં વેચે તો તેને નફો કે ખોટ % માં શોધો.

(પાઠ–૮ જુઓ)

(બ) ધાતુના એક નળાકારનો વ્યાસ ૬ સે.મી. છે. તેને ઓગાળીને એટલી જ ત્રિજ્યાનો ગોળો બનાવવામાં આવે છે. તો ગોળાની કુલ સપાટીનું ક્ષેત્રફળ શોધો.

(પાઠ–૨૧ જુઓ)

૫. નીચે દર્શાવેલામાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આપો. (ગુણ: ૪)

(અ) એક લંબચોરસમાં તેની લંબાઈ અને પહોળાઈ વચ્ચે ૭ સે.મી. નો તફાવત છે. જો તેના વિકર્ણની લંબાઈ ૧૩ સે.મી. હોય તો તે લંબચોરસનું ક્ષેત્રફળ શોધો.

(પાઠ–૬ અને ૨૦ જુઓ)

(બ) ૮૦ મીટર પહોળાઈ ધરાવતા લંબચોરસ મેદાનનું ક્ષેત્રફળ ૧૨૦૦ વર્ગ મી. છે. આ મેદાનને તારની વાડ કરવાનો ખર્ચ રૂા.૫૦/– પ્રતિ મીટર મુજબ કેટલો આવે છે.

(પાઠ–૨૦ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો. (ગુણઃ ૬)

(અ) ૨૦૧૯માં રામાયેલી એક ક્રિકેટ મેચના આધારે એક પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરો. જેમાં નીચે આપેલા મુદાઓને આધારે બંને ટીમના ખેલની તુલના કરો.

(પાઠ–૨૪ અને ૨૫ જુઓ)

(૧) દરેક ટીમનો સરેરાશ રન દર.
(૨) બંને ટીમના ઉત્તમ ૩ બેટ્સમેનના રન દર.
(૩) દરેક ટીમનાં સ્વતંત્ર બોલરોનો રન દર.
(૪) પ્રશ્ન–૩ની વિગતને સ્તંભ આલેખમાં દર્શાવો.
(૫) મેચનો સર્વોચ્ચ ખેલાડી (Man of the Match) નો રન દર.

(બ) ભારતમાં કોઈ પણ પાંચ શહેરોનાં કોઈ એક મહિનામાં તાપમાનનું સર્વેક્ષણ કરો. જેના પર આધારિત એક પ્રોજેક્ટ તૈયાર કરી નીચેનાં પ્રશ્નોની ચર્ચા કરો.

(પાઠ–૨૪ અને ૨૫ જુઓ)

(૧) કોઈપણ એક શહેરના મહત્તમ તાપમાનની સરેરાશ.
(૨) પાંચ શહેરોના ન્યૂનતમ તાપમાનની આંકડાકીય માહિતી તારીખ અનુસાર કોષ્ટકમાં.
(૩) દરેક પાંચ શહેરોના ન્યુનતમ તાપમાનની સરેરાશ.
(૪) પ્રત્યેક શહેરના મહત્તમ તથા ન્યુનતમ તાપમાનનાં આંકડા દર્શાવતા સ્તંભ આલેખ.
(૫) વિજેતા ટીમમાં સૌથી વધારે રન બનાવનાર પાંચ ખેલાડીઓનો દંડ આલેખ બનાવો.

–––– ××× –––

# વિજ્ઞાન અને ટેક્નોલોજી (ઔદ્યોગિક વિજ્ઞાન)

# (૨૧૨)

## શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

**કુલ ગુણ: ૨૦**

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.
(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) નીચે દર્શાવ્યા મુજબ કોષઅંગિકાઓ તથા તેમના કાર્ય દર્શાવતું કોષ્ટક તૈયાર કરો.
(પાઠ–૨૧ જુઓ)

| ક્રમાંક | કોષઅંગિકા | કાર્ય (નિશ્ચિત) |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |

(બ) એક ચેતા કોષ તથા બીજા ચેતાકોષના જોડાણ વચ્ચેની જગ્યા માટે કયો શબ્દ વપરાય છે? પ્રથમ ચેતાકોષનાં અંતિમ છેડા પર શું જોવા મળે છે?
(પાઠ–૨૩ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) 0.5 મોલ પાણીમાં પહેલા અણુઓની સંખ્યાની ગણતરી કરો.
(પાઠ–૩ જુઓ)

(બ) લોખંડની એક છરીને વાદળી રંગના કોપર સલ્ફેટના દ્રાવણમાં ડુબાડી રાખવામાં આવતા વાદળી રંગનું દ્રાવણ આછા લીલા રંગમાં પરિવર્તિત થાય છે. કારણ જણાવો.
(પાઠ–૪ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) રીનાને મોડી રાત્રીથી તાવ છે. તેની માસીએ તેના શરીરનું તાપમાન સેલ્સીયસ થર્મોમીટરથી માપતા $39^0$ દર્શાવે છે. પરંતુ તેને આ તાપમાન ફેરનહીટ એકમમાં જાણવું છે કે જે ડોક્ટરના દવાખાનામાં હોય છે. કે જે તાપમાન ફેરનહીટ એકમમાં ફેરવવામાં મદદ કરો.
(પાઠ – ૧૪ જુઓ)

(બ) બંટી જોઈ શકતો નથી. તે તેના પિતાને કોઈ વ્યક્તિ સાથે વાત કરતાં સાંભળે છે. માત્ર અવાજ સાંભળી તે ઓળખી શકે છે. કે સામેની વ્યક્તિ તેની મામી છે, ધ્વનિ એવા ગુણધર્મો જણાવો કે જેનાથી બંટીને આધાર મળ્યો કે વાત કરનાર વ્યક્તિ

(૧) એક મહિલા છે.

(૨) તેના મામી છે.

(પાઠ – ૧૮ જુઓ)

૪. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) એક બોલને પૃથ્વી પરથી ઉર્ધ્વ દિશામાં ફેંકવામાં આવે છે. ત્યારે તે 126.5 મી ની ઊંચાઈએ પહોંચે છે, તો...

(૧) દડાનો ઉર્ધ્વ દિશામાં વેગ ગણો.

(૨) દડાને ઉચ્ચત્તમ બિંદુ પર પહોંચવા માટે લાગેલા સમયની ગણતરી કરો.

g = 9.8 મી/સી–2

(પાઠ–૧૧ જુઓ)

(બ) સમજાવો :

(૧) નેપ્થીલીનની સરખામણીમાં NacL નું ગલનબિંદુ વધુ હોય છે.

(૨) NacL ઘન અવસ્થામાં વિદ્યુત સુવાહક હોતું નથી પણ પ્રવાહી અવસ્થામાં તે વિદ્યુત સુવાહક હોય છે.

(પાઠ–૭ જુઓ)

૫. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) વિદ્યુત જનરેટરનો સિધ્ધાંત જણાવો. તેની રચનાના આધારે AC તથા DC જનરેટર વચ્ચેનો તફાવત જણાવો. જનરેટરની અંદર ગુંચળાના ભ્રમણની દિશાનો સિધ્ધાંત જણાવો.

(પાઠ–૧૭ જુઓ)

(બ) નીચે દર્શાવેલ તફાવતો ઉદાહરણ સહિત સમજાવો.

(૧) વ્યક્તિગત સ્વાસ્થ્ય – સામુહિક સ્વાસ્થ્ય

(૨) ચેપી તથા બીન ચેપી રોગ

(પાઠ–૩૨ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો. (ગુણ: ૬)

(અ) તમારી ચોતરફ નજર કરો. જે વિભિન્ન ઊર્જા સ્ત્રોતો જણાય તેની સૂચી તૈયાર કરો. નીચે દર્શાવેલા કોષ્ટકમાં ઓછામાં ઓછા ૬ (છ) ઊર્જા સ્ત્રોતોની માહિતી માટે પાઠ્યપુસ્તક કે ઇન્ટરનેટની મદદ લઈ શકો છો.

| ક્રમાંક | ઊર્જાસ્ત્રોત | પુનઃપ્રાપ્ય છે કે નહી | ફાયદા | નુકશાન | સંરક્ષણ પદ્ધતિઓ |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |
| ૩. | | | | | |
| ૪. | | | | | |
| ૫. | | | | | |
| ૬. | | | | | |

(બ) આપને થયેલા કોઈપણ રોગ વિશે વિચારો. આપની તે વખતની પરિસ્થિતિને યાદ કરો. આપના પાઠયપુસ્તક કે ઇન્ટરનેટની મદદ લઈ તે રોગના લક્ષણો, કારણો, સમયગાળો, સાવધાનીઓ, સારવાર વિગેરે દર્શાવતો ચાર્ટ તૈયાર કરો.

——— ××× ———

# સમાજવિજ્ઞાન

# (૨૧૩)

# શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

કુલ ગુણ: ૨૦

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.

(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) ભીમબેટકા ગુફામાં કરેલ ચિત્રકારીનાં ઉદેશ્યનું વિશ્લેષણ કરો.

(બ) માનવ સંસ્કૃતિના વિકાસમાં નગર જીવનની કોઈપણ બે સુવિધા અંગેનું પરીક્ષણ કરો.

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) હિમાલય અને દ્વિપકલ્પ જળ પ્રવાહ પ્રણાલીનો તફાવત સ્પષ્ટ કરો.

(પાઠ–૯ જુઓ)

(બ) ભારતમાં વરસાદના વિભાજન વિષે સમજાવો?

(પાઠ–૧૦ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) ભારતમાં ચૂંટણી વ્યવસ્થામાં સુધારો કરવા માટેના કોઈપણ બે ઉપાય જણાવો.

(પાઠ—૨૨ જુઓ)

(બ) ગ્રામપંચાયતને વધુ મજબુત બનાવવા માટેના કોઈપણ બે ઉપાય જણાવો.

(પાઠ—૧૮ જુઓ)

૪. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) હડપ્પીય સંસ્કૃતિના લોકોના ધર્મ અને સંસ્કૃતિનું પરીક્ષણ કરો.

(પાઠ–૧ જુઓ)

(બ) સમયની સાથે જનસંખ્યામાં કેવી રીતે પરિવર્તન આવે છે?

(પાઠ–૧૪ જુઓ)

૫. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) રાજ્યનીતિના કોઈપણ ચાર માર્ગદર્શક સિદ્ધાંતો પ્રકાશિત કરો જે સામાજિક અને અર્થતંત્રને સમાજરૂપે પ્રોત્સાહન આપવાનો ઇરાદો ધરાવે છે.

(પાઠ–૧૭ જુઓ)

(બ) પ્રાદેશિકતાની કોઈપણ બે યોગ્યતાઓને પ્રકાશિત કરો.

(પાઠ–૨૪ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો.

(ગુણ: ૬)

(અ) વિભિન્ન પ્રવૃત્તિ / તહેવારો / સ્થાન / યાત્રાધામ / રમતો વગેરેના કોઈપણ છ ઉદાહરણો નીચે આપેલ કોષ્ટક અનુસાર સુચિ બનાવો જેથી આપણે રાષ્ટ્રીય સમન્વય અને એકતાનું મહત્વ શિખવાની પ્રેરણા મળે.

| **ક્રમાંક** | **પ્રવૃત્તિ / તહેવારો / સ્થાન / યાત્રાધામ / રમતો** | **પ્રેરણાનું કારણ** |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

(બ) તમારી આસપાસ જોવા મળતી વનસ્પતિ અને પશુ–પંખીઓમાંથી પ્રત્યેકની પાંચ પ્રજાતિઓની સુચી બનાવો.

તમારી આસપાસ જોવા મળતી પ્રજાતિઓમાંથી કોઈ પ્રજાતી લુપ્ત થવામાં તો નથી ને. આવી પ્રજાતિના નામ લખવાની સાથે તેમના લુપ્ત થતા હોવાના કારણો અને તેમનું રક્ષણ કરવાના ઉપાય ૨૦૦ શબ્દોમાં લખી એક અહેવાલ તૈયાર કરો.

———— ××× ———

# અર્થશાસ્ત્ર

# (૨૧૪)

## શિક્ષકનિર્દેશિતસ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

---

**કુલ ગુણ: ૨૦**

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.

(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) માઈક્રો અર્થશાસ્ત્ર અને મેક્રો અર્થશાસ્ત્ર વચ્ચેનો એક સૈદ્ધાંતિક તફાવત જણાવો.

(પાઠ–૧ જુઓ)

(બ) 'અર્થશાસ્ત્રનો સબંધ અછતની પરિસ્થિતિમાં પસંદગીનો છે' સમજાવો

(પાઠ–૨ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) અર્થશાસ્ત્રમાં વસ્તુઓ અને સેવાઓનું મહત્વ અને ભુમિકા સમજાવો.

(પાઠ–૩ જુઓ)

(બ) 'સર્વ શિક્ષા અભિયાન' અને 'કૌશલ્ય ભારત અભિયાન'ની ભારતીય અર્થવ્યવસ્થા પર શી અસર પડી શકે છે ?

(પાઠ–૪ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) ભારત જેવા અલ્પવિકસીત દેશ માટે, 'કેવી રીતે ઉત્પાદન કરી શકીયે' તે એક જટીલ સમસ્યા છે. સમજાવો કેવી રીતે ?

(પાઠ–૫ જુઓ)

(બ) રામ એક ચપ્પલ બનાવવની કંપની ચલાવે છે, એક ઉદ્યમી તરીકે રામ દ્વારા કયા કયા કામ કરવામાં આવશે ?

(પાઠ–૧૮ જુઓ)

૪. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) વાસ્તવિક તથા આદર્શ અર્થશાસ્ત્રની ધારણાઓને ઉદાહરણ સહિત સમજાવો ?

(પાઠ–૧ જુઓ)

(બ) શું તમે સંમત છો કે એક બુદ્ધિશાળી નિર્માતા નવી તકનીકથી પણ પરીબળમાં ઘટાડાનું વલણ ઘટાડવાની ઘટનાને ટાળી શકે છે. ઘટાડેલા કાયદાની સહાયથી તમારો અભિપ્રાય વ્યકત કરો.

૫. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) અર્થવ્યવસ્થામાં સંસાધનોનો વારંવાર ઉપયોગ થતા, ઉત્પન્ન થતી સમસ્યાનો નિકાલ તમે કેવી રીતે લાવશો ?

(પાઠ–૫ જુઓ)

(બ) આર્થિક માલ અને ગ્રાહકના સામાન વચ્ચેનો તફાવત આપો.

(પાઠ–૩ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો.

(ગુણ: ૬)

(અ) નીચે આપેલ કોષ્ટક પૂરું કરો અને એક અહેવાલ તૈયાર કરો.

| ક્રમ | સરેરાશ ઉત્પાદન | સીમાંત ઉત્પાદન |
|---|---|---|
| 1 | 4 | |
| 2 | 5 | |
| 3 | 5 | |
| 4 | 4 | |
| 5 | 3 | |

(પાઠ–૭ જુઓ)

(બ) કોઈ પણ એક ઉત્પાદન કંપનીની મુલાકાત લઈ, તે વસ્તુનો ઉપયોગ અને વિતરણ પ્રણાલી પર અહેવાલ તૈયાર કરો.

(પાઠ–૬ જુઓ)

——— ××× ———

# વ્યવસાય શાસ્ત્ર

# (૨૧૫)

# શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

કુલ ગુણ: ૨૦

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે.પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.

(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) ટાઈની ટોમ અને ખૂબ જ મોટી કંપનીમાં કામ કરે છે. પરંતુ તે તેની નોકરીમાં ખુશ નથી. તેને એવું લાગે છે કે તે તેના કૌશલ્યનો ઉપયોગ તેનો પોતાનો ખેતીના ઓજારોના સમારકામનો વ્યવસાય શરૂ કરવા માટે કરી શકે છે. આ નવા વ્યવસાયની શરૂઆત એકાકી પેઢી તરીકે ઈચ્છે છે તો તેને કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે ?

(પાઠ–૩ જુઓ)

(બ) રીના અને ટીના એક ભાગીદારી પેઢી ધરાવે છે, તેમને સહકારી મંડળીના ફાયદાઓ વિષે માહિતી મળી. સહકારી મંડળીના ફાયદાઓના વર્ણન સાથે તેમને તેમની પેઢીનું સહકારી મંડળીમાં રૂપાંતર કરવા માટે માર્ગદર્શન આપો.

(પાઠ–૪ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) ટેડી એક જોઈન્ટ સ્ટોક કંપનીનો શેરહોલ્ડર છે. ટેડીને જોઈન્ટ સ્ટોક કંપનીના શેર હોલ્ડર તરીકે કયા ફાયદાઓ થયા હશે ?

(પાઠ–૪ જુઓ)

(બ) સરકારી વખાર અને બોન્ડેડ વખાર વચ્ચેનો તફાવત જણાવો.

(પાઠ–૬ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) શ્રીમાન નારાયણ રસના વેપારના એકમાત્ર માલિક છે. તે પોતાના ઉત્પાદનોને દૂરના સ્થળે વેચવાનો નિર્ણય કરે છે. પોતાના ઉત્પાદનોને દૂરના સ્થળે માર્ગ પરિવહન દ્વારા મોકલવા માટેના ફાયદાઓ જણાવો.

(પાઠ–૫ જુઓ)

(બ) નીચેના વાકયોનું વર્ગીકરણ આર્થિક અને બિનઆર્થિક પ્રવૃતિમાં કરવો.

(૧) શ્રીમાન ચૈતન્ય પોતાના દેશ માટે ફુટબોલ રમે છે.

(૨) શ્રીમતી શરણ્યા ટેલિવિઝન પર એક નૃત્યનો કાર્યક્રમ જોઈ રહ્યા છે.

(પાઠ–૧ જુઓ)

૪. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) કોઈ એક એકમે તેના ઉત્પાદનોનો સંગ્રહ કરતાં પહેલાં વખારના કયા ફાયદાઓ ધ્યાનમાં લેવા જોઈએ ?

(પાઠ–૬ જુઓ)

(બ) ખાનગી કંપનીની લાક્ષણિકતાઓ જણાવો. તે જાહેર કંપનીથી કઈ રીતે અલગ પડે છે ?

(પાઠ–૪ જુઓ)

૫. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) એક સંયુકત હિન્દુ કુટુંબના વ્યવસાયમાં કર્તાની સાથે કઈ વિશિષ્ટતાઓ સંકળાયેલી છે ?

(પાઠ–૩ જુઓ)

(બ) શ્રીમાન પ્રશાંત શણની બેગનું ઉત્પાદન કરવાનો મધ્યમ કદનો વ્યવસાય ધરાવે છે. તેમને દૂરના સ્થળેથી એક ઓર્ડર મળે છે. તેઓ માલ રેલ્વે દ્વારા મોકલવાનું નક્કી કરે છે. તમે માલ વહનના આ માધ્યમના કયા–કયા ફાયદાઓ જણાવી શકશો ?

(પાઠ–૫ જુઓ)

૬.	નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો.

(ગુણ: ૬)

(અ) તમે એક કર્મચારી છો અને સંચાલક મંડળ તમને માહિતીસંચારનું વ્યવસાયમાં મહત્વ અને તેમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી સફળતા મેળવવા અંગેનો એક અહેવાલ તૈયાર કરો.

(પાઠ–૧ જુઓ)

(બ) તમારી નજીકના એક ઔદ્યોગિક એકમની મૂલાકાત લો. ઔદ્યોગિક એકમમાં મદદરૂપ થતી વેપારને સહાયક સેવાઓ ઓળખો. કોઈ પણ ત્રણ વેપારને સહાયક સેવાઓ કે જે ઔદ્યોગિક એકમમાં ઉપયોગી છે તેનો અહેવાલ તૈયાર કરો.

(પાઠ–૨ જુઓ)

–––– ××× –––

# ગૃહવિજ્ઞાન

# (૨૧૬)

## શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

**કુલ ગુણઃ ૨૦**

**સૂચનાઃ** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.
(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણઃ ૨)

(અ) મીનાતે નવા નવા લોકો સાથે વાતો કરવી બહુ ગમે છે, આ વાતને ધ્યાનમાં રાખીને તેને કોઈપણ બે વ્યવસાય કરવા માટે સૂચનો કરો.

(પાઠ–૧ જુઓ)

(બ) રોટલી અને બ્રેડ બનાવવાની રીત જણાવો. એ બંનેની રીતમાં એક લાભ અને એક ગેરલાભ કયા છે. દરેક રીતમાં કોઈપણ બે પોષકતત્વો પર થતી અસર અંગે લખો.

(પાઠ–૪ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણઃ ૨)

(અ) પોતાનાં સ્થાનીક જગ્યાએ મળતી ખાવાની વસ્તુઓને ઓળખો અને નીચે જણાવેલ યાદી લખો.

| ક્રમાંક | ખાદ્ય વસ્તુમાં પોષકતત્વો | ખાદ્યવસ્તુ |
|---|---|---|
| ૧. | રેસા અને વિટામીન સી | $\frac{1}{2}$ |
| ૨. | પ્રોટીન અને કેલ્શિયમ | $\frac{1}{2}$ |
| ૩. | રેસા અને લોહતત્વ | $\frac{1}{2}$ |
| ૪. | ચરબી અને વિટામીન એ | $\frac{1}{2}$ |
| ૫. | વિટામીન બી અને લોહતત્વ | $\frac{1}{2}$ |

(પાઠ–૪ જુઓ)

(બ) ખાનામાં ચપ્પુ શોધતી સમયે કુમકુમની આંગળી કપાય છે. તમે તેનું લોહી વહેતુ કેવી રીતે અટકાવી શકશો. તમે તેને સાવધાની રાખવા માટે કયા બે સૂચનો આપશો કે જેથી ફરીથી તેવું થાય નહી.

(પાઠ–૨ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) બિસ્કીટની ખરીદી કરતી વખતે તમે કઈ બે અગત્યની જાણકારી વાંચશો અને બટાકા ખરીદતા સમયે કઈ બે બાબતોને ધ્યાનમાં રાખશો? કોઈ એક એવી બાબત જણાવો કે જે આ બંને વસ્તુઓને લાગુ પડતી હોય કે જેના કારણે તમે તેને સ્વીકારો નહિ અને શા માટે?.

(પાઠ – ૧૩ જુઓ)

(બ) તમારી સ્થાનિક જગ્યાએ પાણી એકઠું થાય નહિં તેના માટેની કોઈ ચાર રીતો જણાવો. પાણી એકઠું થવાને કારણે કઈ ચાર બિમારીઓ તમારા સમુદાયને અસર કરે છે?

(પાઠ – ૬,૭ અને ૮ જુઓ)

૪. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) મીરાની ઉંમર ૧૩ વર્ષ અને મનોજની ૧૦ વર્ષની ઉંમરના ભાઈ બહેન છે. તેને ધ્યાનમાં રાખીને નીચે લખેલ સવાલનાં જવાબ આપો.

(૧) મીરાં અને મનોજની બંનેનું અંદાજિત આદર્શ ઉંચાઈ અને વજન કેટલું હોવું જોઈએ?
(૨) બંનેના દાંતનાં વિકાસને વિગતે જણાવો.
(૩) ફક્ત મીરાં માં જ કયા શારીરિક ફેરફારો જોઈ શકાશે?
(૪) કયા ચાર મૂલ્ય તેમનામાં આવવા જોઈએ? તમારા જવાબને યોગ્ય ન્યાય આપી જણાવો.

(પાઠ–૩,૪,૧૭ અને ૨૧ જુઓ)

(બ) સમીરાની સગર્ભાવસ્થા બીજા મહિના છે.

આ સમયે તમે તેને નીચે લખેલ પરિસ્થિતિઓમાંથી કયા બે સૂચનો કરશો?

(૧) તેને ખાવા–પીવાનું
(૨) આરોગ્યલક્ષી તપાસ
(૩) આરામ અને કસરત
(૪) નવજાત બાળકની તૈયારી

૫. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) નીચે દર્શાવેલ વસ્ત્રો બાબતે વિસ્તારથી સમજાવો.

(૧) હાથથી ટુવાલ ધોવો.
(૨) રેશમની સાડીમાંથી (કરી) રસાનાં ડાઘને દૂર કરવો.
(૩) સફેદ સુતરાઉ ખમીશને ધોવું અને ઇસ્ત્રી કરવી.
(૪) કપડાંને બાંધીને તથા માર્બલ (આરસપહાણની ડિઝાઇન)ની રીતથી રંગવા માટે બાંધવું.

(પાઠ–૧૭ જુઓ)

(બ) નીચે લખેલ કરવાની રીતને વિસ્તારથી લખો.

(૧) સાટીન વણાટને બનાવવું.

(૨) કપડા ઉપર બ્લોકથી છાપકામ કરવું.

(૩) તાંતણા અવસ્થામાં રંગકામ

(૪) તાંતણાનું ગૂંથણ વણાટ કરવું.

(પાઠ–૯,૧૧ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો. (ગુણ: ૬)

(અ) સપનાએ હજુ હમણાં જ સીનિયર સેકન્ડરી પાસ કર્યુ છે. તેનાં પિતા કારખાનામાં કામ કરે છે, અને તેની માતા ગૃહિણી છે. તેનાં નાના બે ભાઈ ધોરણ આટ અને પાંચમાં અભ્યાસ કરે છે. તમે સપનાને નીચે લખેલમાંથી કઈ રીતે મદદ કરશો?

(૧) તે તેનાં પિતાને શૌચાલય બનાવવા માટે કેવી રીતે સમજાવશે? (શૌચાલયની જરૂરીયાત, ફાયદા અને સમુદાય ઉપર ફાયાકારક અસર)

(૨) તેણીની માતાને બાંધણીની ડિઝાઈન કરીને આવક મેળવવા માટે

(૩) તેણીનો ભાઈ લાંબી બીમારીથી અભ્યાસ કરી શક્યો ન હોવાથી ધોરણ–૮ની પરીક્ષા માટે તૈયારીઓ કરાવવી.

(૪) તેણીના ભાઈ માટે વિવિધ આહાર માટેનો ચાર્ટ બનાવવો.

(બ) આપનો નાનો ભાઈ પહેલી વખત દૂધ, ઈંડા તેમજ બ્રેડ ખરીદવા માટે જઈ રહ્યો છે, આપ નિમ્નલિખિતમાંથી કયા પ્રકારની મદદ કરશો?

(૧) આપ તેને ગુણવત્તાયુક્ત સામાન ખરીદવા માટે કયા ચાર ઉપદેશ આપશો?

(૨) આપ તેને બ્રેડના પેકેટ પર કઈ વિશેષ જાણકારી ચકાસવા માટે કહેશો?

(૩) શું તેને પંખા તેમજ દવાના પેકેટ પર પણ તેજ પ્રકારની જાણકારી પ્રાપ્ત થશે? આપનો જવાબ સિદ્ધ કરો.

(૪) જો તમે તમારા ભાઈને રૂા. ૨૦૦/– આપ્યા છે, તેમાંથી એક લિટર દૂધ (એક લિટરનો ભાવ રૂા.૫૦/– છે) ૬ ઈંડા (એક ઈંડાનો ભાવ રૂા.૫/– છે), તેમજ એક બ્રેડ (એક પેકેટનો ભાવ રૂા.૪૦/– છે) ખરીદવાનું કહ્યું છે. તે તમને કેટલા રૂપિયા પાછા આપશે?

——— ××× ———

# મનોવિજ્ઞાન

# (૨૨૨)

## શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

---

**કુલ ગુણઃ ૨૦**

**સૂચનાઃ** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.

(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણઃ ૨)

(અ) પુનઃસ્મૃતિ અને ઓળખાણના એક એક ઉદાહરણ આપો. તે બન્ને વચ્ચેનો તફાવત દર્શાવો.

(પાઠ–૬ જુઓ)

(બ) ઘડપણમાં થનારી મુશ્કેલીઓથી બચવા માટેના કોઈપણ ચાર ઉપાય દર્શાવો.

(પાઠ–૧૨ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણઃ ૨)

(અ) આપણે વારંવાર જોઈએ છીએ કે ૨–૩ વર્ષની ઉંમરના બાળકો ગમે ત્યારે અને ગમે ત્યાં જીદ કરવા લાગે છે. બાળકોમાં આ વ્યવહારનું વર્ણન એક ઉદાહરણ સાથે જણાવો.

(પાઠ–૧૦ જુઓ)

(બ) સંચારના વિવિધ પ્રકારોની ચર્ચા કરો.

(પાઠ–૧૮ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) સ્નેહા પોતાના મિત્રો સાથે બહાર રમવા માંગે છે. પરંતુ તેણી તેના પિતા સાથે પણ સમય વિતાવવા માંગે છે. વ્યવસાયને કારણે શહેરની બહાર જાય છે. તેણી કયા પ્રકારના સંઘર્ષનો સામનો કરી રહી હશે? ચર્ચા કરો.

(પાઠ–૧૮ જુઓ)

(બ) સરખી જાતી અને સરખા લક્ષણો વચ્ચેનો તફાવત એક એક ઉદાહરણ આપી સમજાવો.

(પાઠ–૯ જુઓ)

૪. નીચે દર્શાવેલામાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) આવનારી પરીક્ષાની તૈયારી સારી રીતે ના થઈ શકવા ને કારણે તમારો મિત્ર ચિંતામાં છે. ચીતામાંથી બહાર નીકળવા માટે તમે તેને કયા ઉપાયો બતાવશો?

(પાઠ–૧૮ જુઓ)

(બ) સારા સ્વાસ્થ્ય માટે આપણે કયા પ્રકારના વ્યવહારો અપનાવી શકીએ છીએ?

(પાઠ–૧૯ જુઓ)

૫. નીચે દર્શાવેલામાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) નિર્ણય લેતી વખતે ટોળાના લોકો એવા જોખમ ભરેલ નિર્ણય લઈ લે છે કે જો તે એકલા નિર્ણય લેવાનો હોય તો તેવો નિર્ણય તે કયારેય નહી લે. એવું કેમ થાય છે?

(પાઠ–૧૩ જુઓ)

(બ) ૧૦માં ધોરણ પછી પોતાની કારકીર્દિની પસંદગી કરતી વખતે તમે કઈ બાબતોને ધ્યાનમાં રાખશો?

(પાઠ–૨૦ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો.

(ગુણ: ૬)

(અ) આપણા સ્વાસ્થ્ય પર પ્રદૂષણની શું અસર થાય છે અને તેને કેવી રીતે રોકી શકાય છે? એના ઉપર આધારીત એક અહેવાલ તૈયાર કરો.

(પાઠ–૨૩ જુઓ)

(બ) કોઈપણ પાંચ એવા વ્યક્તિઓને મળો કે જે દરરોજ યોગ અભ્યાસ કરે છે. અને એ જાણવાનો પ્રયત્ન કરો કે યોગ અભ્યાસ એ એક સારી જીવનશૈલીમાં કેવી રીતે મદદ કરે છે? એના ઉપર આધારિત એક અહેવાલ તૈયાર કરો.

(પાઠ–૨૫ જુઓ)

———— ××× ———

# ભારતીય સંસ્કૃતિ અને તેનો વારસો

# (૨૨૩)

## શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

કુલ ગુણ: ૨૦

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.

(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) ઇતિહાસની શુદ્ધ સમજૂતિ કઈ બે વસ્તુ પર આધાર રાખે છે? વિશ્લેષણ કરો.

(પાઠ–૩ જુઓ)

(બ) હસ્તપ્રતો શું છે? પ્રાચિત હસ્તપ્રતો કયા કયા વિભિન્ન વસ્તુઓ ઉપર લખેલા મળે છે? વિશ્લેષણ કરો.

(પાઠ–૩ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) હડપ્પનની શહેરી સંસ્કૃતિની કોઈપણ બે સુવિધાની તપાસ કરો.

(પાઠ–૩ જુઓ)

(બ) હડપ્પન સમયના કોઈપણ બે મુખ્ય વ્યવસાયની વિશેષતાની તપાસ કરો.

(પાઠ–૩ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) કોઈ એવું કેવી રીતે તારણ કાઢી શકે છે કે પલ્લવ કલા અને સ્થાપત્યના મહાન પ્રશંસક હતા.

(પાઠ–૩ જુઓ)

(બ) એવું કેવી રીતે તારણ કાઢી શકાય કે ચૌલ કલા અને સ્થાપત્યના મહાન પ્રશાસક હતા.

(પાઠ–૩ જુઓ)

૪. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૪)

(અ) દિલ્હી સલ્તનત હેઠળ સમાજના ધાર્મિક પરિસ્થિતિમાં પુજારીઓ, નગરલના લોકો વેચારમાં શું ફેરર થયા? વિશ્લેષણ કરો.

(પાઠ–૪ જુઓ)

(બ) ઈસ્લામના કોઈપણ ચાર મુખ્ય સિદ્ધાંતોનું વિશ્લેષણ કરો.

(પાઠ –૪ જુઓ)

૫. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૪)

(અ) ભક્તિ આંદોલન લોકોમાં કેવી રીતે વધુ લોકપ્રિય થઈ ગયું? તમારો ઉત્તર આપવા માટે કોઈપણ ચાર કારણોનો ઉપયોગ કરો.

(પાઠ–૪ જુઓ)

(બ) મધ્યયુગમાં ભારતના સંગીતનો વિકાસ કેવી રીતે થયો એ જણાવો. આ સમય દરમિયાન જે શાળાઓ વિકસિત થઈ એના વિશે વિસ્તારમાં માહિતી આપો.

(પાઠ ૪–૪ જુઓ)

૬. નીચે આપેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો.

(ગુણ: ૬)

(અ) સદી બદલાવા છતાં મહિલાઓની પરિસ્થિતિમાં કોઈપણ બદલાવ હજી થયા નથી. કન્યાતા જન્મ લેવાની સાથે જ તેમને દુભાગ્યા માનવામાં આવતં હતું. છોકરીઓના વિવાહ નાનપણમાંજ કરી દેવામાં આવતા હતા. બહુપત્નીત્વ પ્રથા અમલમાં હતી. મહિલાઓને સંપતિ ઉપર કોઈ જ હક નહતો કે નતો તલાકનો પણ અધિકાર.

(૧) કોઈપણ ચાર ધાર્મિક અને સામાજિક સુધારકો વિશે ઓળખાણ આપો.
(૨) સમાજમાં એમના યોગદાન ઉપર એક અહેવાલ રજૂ કરો અને તેમના પરિણામ જણાવો.
(૩) ભારતમાં જાગૃતિ લાવવામાં સમાજ સુધારકનું કેવી રીતે યોગદાન મળેલું છે?

(પાઠ–૫ જુઓ)

(બ) સમાચારપત્રો જો બ્રિટીશ વિરોધી વિચાર ફેલાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું અને તેમને સરકારની નીતિઓ ઉપર અને સામાજિક અને આર્થિક વિષય પર ટિપ્પણી કરીને લોકોને સરકાર વિરુદ્ધ ઉભા કરી દીધા. છાપખાનાઓએ અખિલ ભારતની ચેતનાને પ્રોત્સાહન આપ્યુ સાથોસાથ ભારતીઓને મહત્વપૂર્ણ રાજનૈતિક શિક્ષણ પ્રદાન કર્યું..

(પાઠ–૫ જુઓ)

(૧) જાહેર અભિપ્રાણ આકારવામાં અખબારોની ભૂમિકા કેવી રીતે હતી? તે માટેના કોઈપણ બે કારણોની સૂચિ તૈયાર કરો.

(૨) ભારતમાંથી પ્રકાશિત થતા વિભિન્ન સમાચારપત્રોની માહિતી આપતો એક અહેવાલ તૈયાર કરો.

(૩) ભારતમાં જાગૃતિ લાવવા માટે સમાચારપત્રોએ કેવી રીતે યોગદાન આપ્યું?

——— ××× ———

# નામાપદ્ધતિ

# (૨૨૪)

# શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

**કુલ ગુણઃ ૨૦**

**સૂચનાઃ** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.
(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણઃ ૨)

(અ) તમે નામામાં અગાઉથી ચૂકવેલ વીમો કેવી રીતે દર્શાવશો? જો કમિશનના રૂા.૨૮૦૦/– મળેલ હોય તો તેને નમામાં કેવી રીતે દર્શાવશો?

(પાઠ–૪ જુઓ)

(બ) નીચે આપેલ માહિતી પરથી મેસર્સ સ્ટેન્લી લેધર શુઝ, અમદાવાદ માટે ક્રેડિટ વાઉચર તૈયાર કરો.

| ૨૦૧૫ | રૂપિયા |
|---|---|
| ૧૭ એપ્રિલ : રોકડેથી લેધર બેગ વેચી<br>કેશ મેમો નંબર : ૫૧૪ | ૫૮૦૦/– |
| ૨૪ એપ્રિલ : ત્યાગી એન્ડ કંપની પાસેથી ખાતાની<br>બાકી રકમ મળી<br>કેશ મેમો નંબર :૩૮ | ૪૨૦૦/– |

(પાઠ–૫ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણઃ ૨)

(અ) ચાલુ વેપારની વ્યાખ્યા આપો.

(પાઠ–૨ જુઓ)

(બ) નામાની માહિતી અનુસાર તમે લેણદાર અને માલિક થઈ કઈ રીતે સમજાવશો?

(પાઠ–૧ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણઃ ૨)

(અ) શું તમે મૂડીને બાહ્ય જવાબદારી ગણો છો? શા માટે?

(પાઠ – ૩ જુઓ)

(બ) આ વ્યવહારમાં ખાતાનાં પ્રકાર જણાવો.
પ્રિન્ટીંગ અને સ્ટેશનરીના ચૂકવ્યા રૂા. ૧૨,૫૦૦/–

(પાઠ – ૫ જુઓ)

૪. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) શ્રી અખિલે એક દુકાન શરૂ કરી. તેના ધંધાકીય વ્યવહારો નીચે મુજબ છે.

| | |
|---|---|
| જાન્યુઆરી – ૮, માલ ખરીદ્યો | રૂા.૨૦,૦૦૦/– |
| જાન્યુઆરી – ૧૦, રોકડેથી માલ વેચ્યો | રૂા.૮૨,૦૦૦/– |
| જાન્યુઆરી – ૨૧, લાઈટબીલ ભર્યું | રૂા.૩,૫૬૦/– |
| જાન્યુઆરી – ૨૨, ઓફિસ માટે ફર્નિચર ખરીદ્યુ | રૂા.૧૦,૫૦૦/– |

શ્રી અખિલના ઉપરોક્ત દરેક વ્યવહારને અસર કરતાં ખાતાં અને તેના પ્રકારો જણાવો.

(પાઠ–૫ જુઓ)

(બ) નીચે આપેલ માહિતીનું મિલકત, જવાબદારી અને મૂડીમાં વર્ગીકરણ કરો.

<u>વિગત</u>

મૂડી

બેંક

લેણદાર

ચૂકવેલ ભાડું

અક્ષણ (દેવાદાર)

હાથમાં રોકડ

બેંક ઓવરડ્રાફટ

ચૂકવવાનો બાકી પગાર

(પાઠ–૩ જુઓ)

૫. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) નીચે આપેલ માહિતીનું આવક અને ખર્ચ (જાવક)માં વર્ગીકરણ કરો.

<u>માહિતી</u>
વેચાણ
આવક
ટેલિફોનનું ભાડું
સ્ટેશનરી
પગાર
ચૂકવેલ વ્યાજ
મળેલ કમિશન
મળેલ ડિવિડન્ડ

(પાઠ–૩ જુઓ)

(બ) નામાના ખ્યાલની એક સંકલ્પના છે કે દરેક ધંધાકીય વ્યવહારો નાણાંકીય શરતો મુજબ જ વ્યકત થવા જોઈએ. આ સંકલ્પનાનું મહત્વ જણાવો.

(પાઠ–૨ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો. (ગુણ: ૬)

(અ) તમારી આસપાસની કોઈપણ એક નામાંકિત ધંધાકીય એકની મુલાકાત લો. આ સંસ્થામાં હિસાબો તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાતા "બેવડા પાસાઓ ખ્યાલ" વિશે એક અહેવાલ તૈયાર કરો. જેમાં ઓછામાં ઓછાં ૮ વ્યવહારોનું વર્ગીકરણ જણાવેલ હોય.

(પાઠ–૨ જુઓ)

(બ) કોઈપણ એક દુકાનમાં જાઓ, આ સંસ્થાને નામાપદ્ધતિ જુદી–જુદી કઈ રીતે મદદરૂપ થાય છે તે જણાવો (ઓછામાં ઓછા છ ફાયદાઓ જણાવો).

(પાઠ–૧ જુઓ)

–––– ××× –––

# ચિત્રકળા

# (૨૨૫)

## શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

**કુલ ગુણ: ૨૦**

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.
(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) પ્રભાવવાદ શું છે? પ્રભાવવાદના ચાર મુખ્ય કલાકારોના નામ આપો.
(પાઠ–૬ જુઓ)

(બ) માંને એ તેની કલાકૃતિઓ વોટર લિલિઝમાં શેના ઉપર ભાર મૂકયો છે?
(પાઠ–૬ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) 'વોટર લિલિઝ'ની ત્રણ મહત્વપૂર્ણ વિશેષતાઓ લખો.
(પાઠ–૬ જુઓ)

(બ) કલાકાર ઓગસ્ટે ની એક કલાકૃતિ વિશે લખો. તેઓ તેના માધ્યમથી કયો સંદેશો આપવા માંગે છે?
(પાઠ–૭ જુઓ)

૩. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો. (ગુણ: ૨)

(અ) એડગર ડેગા વિશે બે વાકયો લખો અને તેમની એક કલાકૃતિ ચોંટાડી અને તેમનું નામ લખવું.
(પાઠ–.... જુઓ)

(બ) 'ડેગા'ની કલાકૃતિઓની ચાર મુખ્ય વિશેષતાઓ લખો.
(પાઠ– ૬ જુઓ)

૪. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) ક્યુબિઝમના પિતા કોને માનવામાં આવે છે? અને કેમ?

(પાઠ–૧૭ જુઓ)

(બ) એઝાનની કલાકૃતિની શૈલીનું વર્ણન કરો, કલાના ક્ષેત્રમાં તેમનાં યોગદાન વિશે લખો.

(પાઠ–૭ જુઓ)

૫. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો. (ગુણ: ૪)

(અ) વેન ગોગ એ તેમની 'સ્ટારીનાઈટ' કલાકૃતિમાં આકાશનું કેવી રીતે ચિત્રણ કર્યુ છે?

(પાઠ–૬ જુઓ)

(બ) સમકાલીન ભારતીય કલાના વિકાસમાં મુખ્ય યોગદાન કરનાર કોઈ ચાર કલાકારો વિશે નોંધ લખો.

(પાઠ–૯ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો. (ગુણ: ૬)

(અ) પેઇન્ટીગ અને ચિત્રકારીના ઉપયોગમાં આવતા જુદાં–જુદાં સાધનો અને સામગ્રીઓ વિશે લખો. તેની આકૃતિ દોરો અથવા ચિત્રો ચોંટાડો.

(બ) માનવ નિર્મિત અને પ્રાકૃતિક સામગ્રીમાં શું તફાવત છે? ઓછામાં ઓછી બે માનવ નિર્મિત અને બે પ્રાકૃતિક સામગ્રીની આકૃતિ દોરો.

———— ××× ———

# ડેટા એન્ટ્રી ઓપરેશન્સ

# (૨૨૯)

## શિક્ષક નિર્દેશિત સ્વાધ્યાયપત્ર (૨૦૧૯–૨૦)

**કુલ ગુણ: ૨૦**

**સૂચના:** (૧) બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. પ્રત્યેક પ્રશ્નની સામે તેના ગુણ દર્શાવેલા છે.

(૨) ઉત્તરવહીના પ્રથમ પૃષ્ઠ પર ઉપરની બાજુએ તમારું નામ, અનુક્રમાંક, અભ્યાસકેન્દ્રનું નામ અને વિષય સ્પષ્ટ શબ્દોમાં લખો.

૧. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) હાઈ લેવલ અને લો લેવલ ભાષાઓ વચ્ચેનો તફાવત જણાવો.

(પાઠ–૧ જુઓ)

(બ) કંપાઈલર અને ઇન્ટરપ્રિટર વચ્ચેનો તફાવત જણાવો.

(પાઠ–૧ જુઓ)

૨. નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) ઝુબેદા પોતાનાં કમ્પ્યુટર પર એક પ્રિન્ટર ઈન્સ્ટોલ કરવા માંગે સીએચઇ. તેણી પોતાનું કામ કઈ રીતે પૂર્ણ કરી શકસે તેના માટેનાં સ્ટેપ્સ લખો.

(પાઠ–૨ જુઓ)

(બ) નિમિષે ઇન્ટરનેટ પરથી એક પ્રોગ્રામિંગ સૉફ્ટવેર ડાઉનલોડ કર્યું. તેને કમ્પ્યુટર પર ઈન્સ્ટોલ કરવા માટે મદદ કરો. તે કાર્ય કરવા માટેનાં સ્ટેપ્સ લખો.

(પાઠ–૨ જુઓ)

૩.	નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર આશરે ૪૦ થી ૬૦ શબ્દોમાં લખો.

(ગુણ: ૨)

(અ) નીચે આપેલ ની શોર્ટ કટ કી લખો
(૧) સ્પેલિંગ અને ગ્રામર (વ્યાકરણ) તપાસો.
(૨) સિલેકટેડ(પસંદ કરેલ) ટેક્ષ્ટને કટ કરવા માટે
(૩) રિપ્લેસ (બદલવા માટે)
(૪) અનડુ

(પાઠ–૩ જુઓ)

(બ) નીચે આપેલ ની શોર્ટ કટ કી લખો
(૧) પેસ્ટ
(૨) ડૉક્યુમેન્ટ (દસ્તાવેજ)ના ટોચનાં ભાગ પર જવા માટે
(૩) રીડુ
(૪) આખા ડૉક્યુમેન્ટ (દસ્તાવેજ)ને સિલેક્ટ કરવા માટે .

(પાઠ–૯ જુઓ)

૪.	નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) નીચે આપેલ સ્પ્રેડશીટની વિશેષતાઓ સમજાવો.
(૧) રિચ કંડીશનલ ફોર્મેટિંગ
(૨) ફ્રીઝ પેન્સ ફીચર્સ.

(પાઠ– ૬ જુઓ)

(બ) નીચે આપેલ સ્પ્રેડશીટની વિશેષતાઓ સમજાવો.
(૧) ઓટો ફોર્મેટ ફીચર
(૨) ઓટો સમ ફીચર .

૫.	નીચે દર્શાવેલ પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનો ઉત્તર ૧૦૦ થી ૧૫૦ શબ્દોમાં આપો.

(ગુણ: ૪)

(અ) સ્લાઈડ શો વ્યૂ સ્લાઈડ સોર્ટ્સ વ્યૂથી કઈ રીતે જુદા છે તે વિગતવાર સમજાવો.

(પાઠ–૯ જુઓ)

(બ) એમ એસ એક્સેલ ૨૦૦૭ (MS EXCEL 2007)માં સ્માર્ટ આર્ટ ગ્રાફિક્સની વિશેષતાઓ પર ટૂંક નોંધ લખો.

(પાઠ – ૬ અને ૭ જુઓ)

૬. નીચે દર્શાવેલ પ્રોજેક્ટની યાદીમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો.

(ગુણ: ૬)

(અ) તમે એક કંપનીના સેલ્સ મેનેજર છો.જે કોસ્મેટિક્સ સાબુ , ટેલકમ પાઉડર, મોઈસ્ચરાઇઝર, ડિયોડ્રેન્ટ, અને ફેસપેકનો વ્યાપાર કરે છે.એક્સેલ સ્પ્રેડશીટમાં વેચાણ વિશ્લેષણ તૈયાર કરો અને પછી તેના આધારે આપણી કંપનીનાં સૌથી લાભદાયક ઉત્પાદનોને પ્રકાશિત કરવા માટે એક પ્રોજેક્ટ પ્રેઝેંટેશન બનાવો

(પાઠ – ૬,૭,૮ અને ૯ જુઓ)

(બ) એક એનજીઓ (NGO) પૂરગ્રસ્ત માટે આપણાં શહેરમાં જુદા જુદા વિસ્તારોમાંથી દાન એકઠું કરી રહ્યા છે. એકઠી કરેલ વસ્તુઓ રમકડાં, ધાબડા, પથારી, શેતરંજી, કપડાં, પગરખાં, ખાદ્યપદાર્થો ( બિસ્કિટ, વેફર્સ, ચોકલેટ, બ્રેડ) જેવી છે. બધાં વિસ્તારોમાંથી એકઠી કરેલી વસ્તુઓની વ્યાપક સ્પ્રેડશીટ તૈયાર કરો ત્યારપછી એકઠી કરેલી વસ્તુઓનું વિશ્લેષણ કરી યોગ્ય ચાર્ટ તૈયાર કરો.

(પાઠ – ૬,૭,૮ અને ૯ જુઓ)

——— ××× ———